## રાજય સરકારની જાહેરખબરની નીતિ બાબત.

ગુજરાત સરકાર,
માહિતી અને પ્રસારણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃવપન-૧૦.૨૦૦૫-૧૯-બ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૩/૧૦/૨૦૦૬

**પ્રસ્તાવના :-**

દૈનિકો, સાપ્તાહિકો, પાક્ષિકો અથવા માસિકો જેવા પ્રિન્ટમીડિયાનો ઉપયોગ અંગેનો પ્રાથમિક હેતુ સરકારનો સંદેશ જાહેર જનતાને વ્યાપક રીતે પહોંચાડવાનો છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો/ખાતાના વડાની તમામ કચેરીઓ/વૈધાનિક મંડળો/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અને તમામ બોર્ડ/કોર્પોરેશનની જાહેરખબરો પ્રસિધ્ધ કરવા માટે માહિતી નિયામકશ્રીએ નોડલ એજન્સી છે. જાહેરખબરનો પ્રાથમિક ઉદ્દેશ રાજય સરકારના સંદેશા/કાર્યક્રમો/નીતિઓ સિધ્ધિઓ અને હરાજી, નિવિદા, ભરતીઓ વિગેરે અંગેની સુચનાઓની વ્યાપક પ્રસિધ્ધિનો છે. રાજય સરકાર કોઇપણ જાતના પક્ષપાત વિના નિયત ધોરણો સંતોષતા અખબારો દ્વારા જાહેરખબર પ્રસિધ્ધ કરશે. પરંતુ કોમી લાગણી ઉશ્કેરતા, હિંસા પ્રેરક, રાષ્ટ્રની એકતા અને સાર્વ ભૌમત્વને નુકસાન કરતા અને સામાજીક સુરૂચિને ભંગ કરનાર લખાણ લખતા અખબારો દ્વારા જાહેરખબરની પ્રસિધ્ધિ યોગ્ય રહેશે નહીં.

માહિતી અને પ્રસારણ વિભાગની હાલની નીતિઓ, સૂચનાઓ, હુકમો,પધ્ધતિઓનું પુનઃમુલ્યાંકન કરી નવી નીતિ અંગે ભલામણ કરવા તા.૧૦-૪-૨૦૦૩ ના ઠરાવથી પ્રધાન મંડળના સભ્યોની બનેલી સમિતિની રચના કરવામાં આવેલ સમિતિની ભલામણ, કેન્દ્ર સરકારના ડી.એ.વી.પી.ની જાહેરખબરની નીતિ રાજયના અખબારો અને અખબારી સંઘની રજુઆત વગેરેના આધારે રાજય સરકારની જાહેરખબરની નવી નીતિ ઘડવાની બાબત છેલ્લાં કેટલાક સમયથી રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજય સરકાર જાહેરખબરની નવી નીતિ ઠરાવે છે જે નીચે મુજબ રહેશે. આ નીતિમાં દર્શાવ્યા મુજબની સુચનાઓને રાજય સરકારના વિવિધ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, વૈધાનિક મંડળો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, તમામ બોર્ડ/કોર્પોરેશનોએ તેમજ પેનલ પરના અખબારોએ ચૂસ્તપણે અનુસરવાનું રહેશે.

૧. **વ્યાખ્યાઃ-**

૧.૧ **રાજય સરકારઃ-** રાજય સરકાર એટલે ગુજરાત સરકાર

૧.૨ **નીતિઃ-** નીતિ એટલે ગુજરાત સરકારની જાહેરખબર અંગેની નીતિ

૧.૩ **જાહેરખબર :-** જાહેરખબર એટલે માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા આપવામાં આવતી રાજય સરકારના વિવિધ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, રાજય સરકારના તમામ જાહેર સાહસો, બોર્ડ/ નિગમો, વૈધાનિક મંડળો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની તમામ પ્રકારની સરકારી જાહેરખબરો

૧.૪ **અખબાર :-**પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ બુકસ એકટ ૧૮૬૭ની જોગવાઇઓ મુજબ પ્રસિધ્ધ થતું દૈનિક વર્તમાનપત્ર કે સામયિક

૧.૫ **દૈનિક વર્તમાનપત્રઃ-** દૈનિક વર્તમાનપત્ર એટલે દરરોજ સવારે કે સાંજે પ્રસિધ્ધ થતું અને પ્રવર્તમાન બનાવોના સમાચાર અને ટીકાટીપ્પણ સાથેના અહેવાલો પ્રસિધ્ધ કરતું પ્રકાશન

**૧.૬** **સામયિકો:-** સામયિકો એટલે એવા પ્રકાશનો કે જે સાપ્તાહિક, પાક્ષિક, માસિક સ્વરૂપે પ્રકાશિત થતાં હોય

**૧.૭** **વર્ગીકૃત જાહેરખબર:-**વર્ગીકૃત જાહેરખબર એટલે ડીસ્પ્લે જાહેરખબરથી વિપરીત પ્રકારની અને વર્તમાનપત્રના સુનિશ્ચિત વિભાગમાં સુનિશ્ચિત શિર્ષક હેઠળ પ્રગટ થતી નોકરીની ભરતી અંગેની, નિવિદા અને હરાજીની સૂચના, વૈધાનિક સૂચના વગેરે જાહેરખબર

**૧.૮** **ડીસ્પ્લે જાહેરખબર:-**ડીસ્પ્લે જાહેરખબર એટલે વર્ગીકૃત જાહેરખબરના વિપરીત પ્રકારની અને જેના મુદ્દાઓ તરત જ નજરે પડે તેવી સામુહિક ઝુંબેશ, પ્રાસંગિક, વિશાળ લોક સમુદાયને અપાતો સંદેશ અને વેચાણ વગેરે જાહેરખબર

**૧.૯** **પેનલ સલાહકાર સમિતિ:-**રાજય સરકારની જાહેરખબર અંગે અખબારોને પેનલ પર રાખવા કે પેનલ પરથી મોકૂફ કરવા માટે રાજય સરકારને ભલામણ માટેની સમિતિ

## ૨. પેનલ પર મુકવાના ધોરણો

૨.૧ સરકારી જાહેરખબરની પેનલ પર રહેવા માટે વર્તમાનપત્રો, સામયિકોનો પ્રિન્ટ એરિયા ઓછામાં ઓછો નીચે જણાવ્યા મુજબનો હોવો જોઇશે.

| | | |
|---|---|---|
| (૧) | દૈનિકો | ૧૫૨૦ કો.સે.મી |
| (૨) | સાપ્તાહિકો/પાક્ષિકો | ૭૦૦ કો.સે.મી. |
| (૩) | માસિક | ૯૬૦ કો.સે.મી. |

**૨.૨ પ્રકાશનનો ઈતિહાસ**

૧. છેલ્લા ત્રણ વર્ષથી પ્રકાશીત અખબાર જાહેરખબરની પેનલને પાત્ર બનશે.

૨. **ફેલાવો :-**

**દૈનિક:-** અરજીની તારીખથી આગળના સતત ત્રણ વર્ષ સુધી ૧૦,૦૦૦ વેચાણ થયેલ નકલોનો ફેલાવો હોવો જરૂરી છે. પરંતુ આગળના બારમાસમાં દરેક માસમાં ૨૫ દિવસ નિયમિત પ્રસિધ્ધ થયેલ હોય તે જરૂરી રહેશે.

**સાપ્તાહિક/પાક્ષિક :-** સતત ત્રણ વર્ષ સુધી ૫,૦૦૦ વેચાણ થયેલ નકલોનો ફેલાવો હોવો જરૂરી છે. પરંતુ સાપ્તાહિકના કિસ્સામાં આગળના બારમાસમાં ૪૬ અંકો, જયારે પાક્ષિકના કિસ્સામાં આગળના બારમાસમાં ૨૩ અંકો નિયમિત પ્રસિધ્ધ થયેલ હોય તે જરૂરી રહેશે.

**માસિક:-** સતત ત્રણ વર્ષ સુધી ૨,૦૦૦ વેચાણ થયેલ નકલોનો ફેલાવો હોવો જરૂરી છે. પરંતુ આગળના બારમાસમાં ૧૧ અંકો નિયમિત પ્રસિધ્ધ થયેલ હોય તે જરૂરી રહેશે.

પરંતુ ડાંગ જિલ્લા માટે દૈનિક/ સાપ્તાહિક/ પાક્ષિક/ માસિકનો ન્યુનત્તમ ફેલાવો ૫૦૦ નકલોનો હોવો જરૂરી રહેશે.

૩. **પી.આર.બી.એકટ:-** પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ બુકસ એકટ ૧૮૬૭ની જોગવાઈઓ મુજબનું પ્રકાશન જરૂરી રહેશે.

૨.૩ **અન્ય લાયકાત :-**

**અખબાર,**

(૧) છેલ્લા છ વર્ષમાં પેનલ પરથી ગેરલાયક ન ઠર્યુ હોય તેમજ જાહેરાતના હેતુ માટે રાજય સરકારનું ડીફોલ્ટર ન ઠર્યુ હોય તે જરૂરી રહેશે.

(૨) છ વર્ષ કરતાં વધુ સમય સુધી પેનલ માટે ગેરલાયક ન ઠર્યુ હોય તે જરૂરી રહેશે.

(૩) અરજી કરવાના સમયે આર.એન.આઇ. દ્વારા અનએસ્ટાબ્લીસ્ડ ન ઠર્યુ હોય તે જરૂરી રહેશે.

(૪) જિલ્લાપોલીસ વડાનું પ્રમાણપત્ર જરૂરી રહેશે.

**૨.૪ આર. એન. આઇ. રજીસ્ટ્રેશન / ડેકલેરેશન ફરજીયાત :-**

પ્રકાશકના નામનું ભારત સરકારના આર. એન. આઇ. નંબર સહિતનું રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષનું ડેકલેરેશન જરૂરી રહેશે.

**૨.૫ ઈન્કમટેક્ષનો પાન નંબરઃ-**

આગળના વર્ષનું ઈન્કમટેક્ષ રીટર્નની પ્રમાણિત નકલ જરૂરી રહેશે.

**૨.૬ પ્રિન્ટર્સની વિગતો :-**

માલિકી સિવાયના પ્રેસમાં છાપકામ થતું હોય તો, નકલોની સંખ્યા દર્શાવતા આગળના ત્રણ વર્ષના પ્રિન્ટીંગના બીલો અને ચૂકવણીના પ્રમાણિત દસ્તાવેજો જરૂરી.

**૨.૭ કોમર્શીયલ રેટ કાર્ડઃ-**

કોઈપણ પ્રકારના સરચાર્જનો સમાવેશ થતો નથી તેવું સ્વયં પ્રમાણિત કોમર્શીયલ રેટ કાર્ડ જરૂરી રહેશે.

**૨.૮ પ્રકાશન અંગેના માન્ય ધોરણો :-**

(૧) લખાણ અને ફોટોગ્રાફસ સુવાચ્ય,
(૨) પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયત ધોરણોને સુસંગત ,
(૩) લખાણ અન્ય અખબારોના પુનરાવર્તન સમાન ન હોય,
(૪) અન્ય અખબારમાંથી સીધા લેખ છાપેલ હોય તો ક્રેડીટ લાઇન,
(૫) પહેલા પેજના મથાળે અખબારનું નામ,
(૬) પ્રકાશનની તારીખ, વાર, આર.એન.આઇ. રજિસ્ટ્રેશન નંબર, વોલ્યુમ અને અંક નંબર તેમજ પ્રકાશનની કિંમત ,
(૭) પી.આર.બી.એકટની જોગવાઇ મુજબની ઇમ્પ્રીન્ટ લાઇન,
(૮) અખબારની અંદરના પાનાના મથાળે પૃષ્ઠ ક્રમાંક, અખબારનું મથાળું અને પ્રકાશનની તારીખ દર્શાવવી જરૂરી રહેશે.

**૨.૯ સમાચારોનું પ્રમાણ :-**

સામાન્યતઃ અખબારના પ્રિન્ટ એરીયાના ઓછામાં ઓછા ૫૦ ટકા સમાચારોનું પ્રકાશન જરૂરી રહેશે.

**૩. પેનલ સલાહકાર સમિતિ :-**

નિયત ધોરણોની પાત્રતા ધરાવતા અખબારોને જાહેરખબરની પેનલ પર મુકવા કે પેનલ પરથી મોકૂફ રાખવાની ભલામણ સારું નીચે મુજબની પેનલ સલાહકાર સમિતિ રહેશે. આ સલાહકાર સમિતિ વર્ષમાં બે વાર મળશે પરંતુ સમિતિના અધ્યક્ષની સૂચના મુજબ તાકીદના કામથી ગમે ત્યારે, ગમે તેટલીવાર મળી શકશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | માહિતી નિયામકશ્રી | - | અધ્યક્ષ |
| ૨. | અધિક માહિતી નિયામક/સંયુકત માહિતી નિયામક | - | સભ્ય |
| ૩. | નાયબ સચિવશ્રી મા.પ્ર.વિ. | - | સભ્ય |
| ૪. | નાણાં સલાહકારશ્રી મા.અને પ્ર.વિ. | - | સભ્ય |
| ૫. | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી | - | સભ્ય |
| ૬. | નાયબ માહિતી નિયામકશ્રી(વિજ્ઞાપન) | - | સભ્ય સચિવશ્રી |

પેનલ સલાહકાર સમિતિની ભલામણ અનુસાર અખબારોને ડીસ્પ્લે/વર્ગીકૃત જાહેરખબર માટે માહિતી નિયામકશ્રી પેનલ પર મુકશે અથવા મોકુફ રાખશે. માહિતી નિયામકશ્રી દ્વારા સ્વીકારાયેલ પેનલ સલાહકાર સમિતિની ભલામણ સામાન્યતઃ આખરી રહેશે.

આમ છતાં ચોકકસ સંજોગોમાં માહિતી નિયામકશ્રી કારણોની નોંધ કરીને જાહેરખબરની પેનલ પર રહેવાની પાત્રતા અંગેની સંપૂર્ણ શરતો સંતોષતા અખબારને સમિતિની મંજુરીની અપેક્ષાએ વધુમાં વધુ છ માસ અથવા આગામી બેઠક સુધી કામચલાઉ ધોરણે ડીસ્પ્લે/વર્ગીકૃત જાહેરખબર માટે પેનલ પર મુકી શકશે.

## ૪. ડીસ્પ્લે જાહેરખબર :-

૪.૧ સૌ પ્રથમ એક વર્ષ માટે :-
પ્રથમવાર પેનલ પર મુકાનાર દૈનિકને એક વર્ષ માત્ર ડીસ્પ્લે જાહેરખબર માટેની પેનલ પર રાખવાની મંજુરી આપવામાં આવશે.

૪.૨ સાપ્તાહિકો/પાક્ષિકો/માસિકોને માત્ર ડીસ્પ્લે જાહેર ખબર માટેની પેનલ પર રાખવાની મંજૂરી આપવામાં આવશે.

### ૪.૩ ડીસ્પ્લેના પ્રસંગો :-

સામાન્યતઃ સમગ્ર નાણાંકીય વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય પર્વો અને મહત્ત્વના પ્રસંગો જેવા કે, પહેલી મે, સ્વાતંત્ર્ય દિન, નૂતન વર્ષાભિનંદન અને પ્રજાસત્તાક દિન વગેરે પ્રસંગોએ માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ડીસ્પ્લે જાહેરખબર વિભાગની મંજૂરીથી પ્રસિધ્ધ કરશે.

કોઈપણ પ્રસંગે કોઈપણ પ્રકારની ડીસ્પ્લે જાહેરખબર જિલ્લા માહિતી કચેરી કક્ષાએથી મંજૂર કરી શકાશે નહીં.

## ૫. વર્ગીકૃત જાહેરખબર :-

**૫.૧** જે દૈનિકો ડીસ્પ્લે જાહેરખબરની પેનલ પર આગળના એક વર્ષ માટે રહ્યા હોય તેવા જ દૈનિકોને પેનલ સલાહકાર સમિતિની ભલામણ અનુસાર વર્ગીકૃત જાહેરખબરની પેનલ પર મુકવામાં આવશે.

૫.૨ દૈનિક સિવાયના કોઇ પણ અખબારને આ પૂર્વે વર્ગીકૃત જાહેરખબરની યાદી પર મુકવામાં આવેલ હોય તો, જાહેરખબરની આ નીતિ અમલમાં આવતાંની સાથે જ વર્ગીકૃત જાહેરખબરની યાદી પરથી તેમને રદ ગણવાના રહેશે.

## ૬. કરાર :-

પેનલ પરના અખબારો સાથે ફેલાવા આધારિત જાહેરખબરના દર અંગે માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા કરાર કરવામાં આવશે. આ કરારની મુદત ત્રણ વર્ષની રહેશે.

આ નીતિની પ્રસિદ્ધિ પૂર્વે જે અખબારો ડીસ્પ્લે/વર્ગીકૃત જાહેરખબર માટેની યાદી પર હોય તેવા અખબારોએ, આ નીતિમાં દર્શાવેલ જોગવાઇ મુજબની પેનલ પર રહેવા ઈચ્છુક હોય તો દિન-૩૦ માં માહિતી નિયામકશ્રી દ્વારા નિયત કરાયેલ નમૂનામાં તેઓશ્રીને અરજી કરવાની રહેશે.

## ૭. જાહેર ખબર વિતરણનું પ્રમાણ :-

નાણાંકીય વર્ષ દરમ્યાન નાના, મધ્યમ અને મોટા અખબારો વચ્ચે નીચે મુજબ રૂપિયાની કિંમતમાં પ્રમાણ જળવાય તેવી ચોકસાઇ સમગ્ર રાજયના પરિપ્રેક્ષમાં માહિતી નિયામકશ્રી / જિલ્લા માહિતી અધિકારીશ્રીઓએ રાખવાની રહેશે.

| ક્રમ | કક્ષા | પ્રમાણની મર્યાદા (રૂપિયામાં) |
|---|---|---|
| ૧. | પ્રતિદિન ૨૫,૦૦૦ નકલોનો ફેલાવો ધરાવતા નાના અખબારો | -- દશ ટકાથી ઓછી નહી |
| ૨. | પ્રતિદિન ૨૫,૦૦૧ થી ૭૫,૦૦૦ નકલોનો ફેલાવો ધરવાતા મધ્યમ અખબારો | --ત્રીસ ટકાથી ઓછી નહી |
| ૩. | પ્રતિદિન ૭૫૦૦૦ નકલોથી વધુ ફેલાવો ધરાવતા મોટા અખબારો | --સાઈઠ ટકાથી વધુ નહી |

નાના અખબારોને એક સમાન, મધ્યમ અખબારોને એક સમાન તેમજ મોટા અખબારોને એક સમાન કો.સે.મી. જાહેરખબરની ફાળવણી વર્ષ દરમ્યાન સામાન્યતઃ કરવામાં આવશે.

## ૮. ફેલાવા અંગેનું પ્રમાણપત્ર :-

અખબારોએ સૌ પ્રથમવાર પેનલ પર મુકાવા માટે અથવા જાહેર ખબરના દરમાં વધારા માટે માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને જે તે જિલ્લાના માહિતી અધિકારી મારફતે નીચે મુજબ ફેલાવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે :-

| | | |
|---|---|---|
| ૧. | ૨૫,૦૦૦ નકલો સુધી | કોસ્ટ/ ચાર્ટડ એકાઉન્ટન્ટ/ સ્ટેચ્યુટરી ઓડીટરનુ નિયત નમુનામાં પ્રમાણપત્ર / એ.બી.સી.નું પ્રમાણપત્ર |
| ૨. | ૨૫,૦૦૧ થી ૭૫,૦૦૦ નકલો સુધી | વિભાગની પેનલ પરના સી. એ. નું નિયત નમૂનામા પ્રમાણપત્ર / સ્ટેચ્યુટરી ઓડીટરનું નિયત નમૂનામાં પ્રમાણપત્ર / એ.બી.સી. નું પ્રમાણપત્ર. |
| ૩. | ૭૫,૦૦૦ થી વધુ નકલો | એ.બી.સી.નું પ્રમાણપત્ર |

આમ છતાં જરૂર પડયેથી સંબંધિત અખબારોના ફેલાવાની ચકાસણી માહિતી નિયામકશ્રીની કચેરી અથવા અન્ય સંસ્થા દ્વારા કરાવવાનો રાજ્ય સરકારનો અબાધિત અધિકાર રહેશે.

## ૯. જાહેરખબરના દર :-

૯.૧ ડીસ્પ્લે તેમજ વર્ગીકૃત જાહેરખબરના દર જે તે અખબારના એક સમાન જ રહેશે.

૯.૨ પેનલ પરના દૈનિકો/સાપ્તાહિકો /પાક્ષિકોને આ સાથે સામેલ પરિશિષ્ટ-**૧** મુજબના ફેલાવા આધારિત દર મંજૂર કરવામાં આવશે. જાહેર ખબરના દર રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તે મુજબ રહેશે.

૯.૩ આ નીતિની જાહેરાતની તારીખથી જ હાલની જાહેરખબર માટે યાદી પર રહેલ અખબારોને સામેલ પરિશિષ્ટ-**૧** મુજબના ફેલાવા આધારિત દર મળવાપાત્ર રહેશે.

૯.૪ અખબારની દરેક આવૃત્તિનો દર સ્વતંત્ર ગણાશે. પરંતુ સંયુકત આવૃત્તિઓમાં જાહેરખબર આપવાના પ્રસંગે જે તે સંયુકત આવૃત્તિઓના કુલ દરના ૧૫ ટકા ઓછા દરથી જાહેરખબર પ્રસિધ્ધ કરવાની રહેશે.

૯.૫ અખબારના કોમર્શીયલ દર (રેટકાર્ડના દર) મંજૂર કરેલ દર કરતાં ઓછા હશે તો કોમર્શીયલ દર મંજુર કરવા પાત્ર થશે.

૯.૬ પેનલ પરના ૭૫,૦૦૦થી વધુ ફેલાવો ધરાવતા અખબારો એ.બી.સીનું પ્રમાણપત્ર રજુ ન કરી શકે અને માત્ર નિયત ચાર્ટડ એકાઉન્ટન્ટ / સ્ટેચ્યુટરી ઓડિટરનું પ્રમાણપત્ર રજુ કરે તો તેમને ૭૫,૦૦૦ ના સ્લેબ મુજબ જાહેરખબરનો દર મળવાપાત્ર થશે

૯.૭ રેટ રીવીઝન :-

રેટ રીવીઝન માટે અખબારે માહિતી નિયામકશ્રીને ફેલાવા અંગેના નિયત બધા પુરાવા સાથે અરજી કરવાની રહેશે. આવુ રેટ રીવીઝન કરારની ત્રણ વર્ષની સમયમર્યાદા દરમ્યાન વર્ષમાં એક વખત મંજુર થઇ શકશે. રેટરીવીઝન મંજૂર થયાની તારીખથી અમલમાં મુકાશે.

૯.૮. રાજય બહારના દૈનિકોને જાહેરખબર આપવાના પ્રસંગે ડી.એ.વી.પી.ના દરથી જાહેરખબર મંજૂર કરવામાં આવશે.

૯.૯. રાષ્ટ્ર બહારના દૈનિકો/ સાપ્તાહિકો/ પાક્ષિકો/ માસિકોને ડીસ્પ્લે જાહેરખબર આપવાના પ્રસંગે તેમના કોમર્શીયલ દરના (રેટ કાર્ડના) પચ્ચાસ ટકા ઓછા દરથી જાહેરખબર આપવામાં આવશે. આવી જાહેરખબરની ચૂકવણી ભારતીય ચલણમાં કરવામાં આવશે.

૯.૧૦. રંગીન ડીસ્પ્લે જાહેર ખબર :-

બ્લેક એન્ડ વ્હાઇટ જાહેર ખબર માટે મંજુર દરના ચાલીસ ટકા વધુ રકમનું ધોરણ રંગીન જાહેરખબર માટે રહેશે.

૯.૧૧. વર્ષમાં બે વાર અરજીની વિચારણા :-

(૧) પેનલ પર મુકાવા માટેની અરજીઓ વર્ષમાં બે વાર એટલે કે, ફેબ્રુઆરી માસના અંતે અને ઓગષ્ટ માસના અંતે વિચારણામાં લેવામાં આવશે.

(૨) ફેબ્રુઆરી માસના અંતે મળેલ અરજી અંગે વિચારણા કરી પહેલી જુલાઇથી કરાર અમલમાં મુકવામાં આવશે. જયારે ઓગષ્ટ માસના અંત સુધીમાં મળેલ અરજીઓ અંગે વિચારણા કરી પછીના વર્ષમાં પહેલી જાન્યુઆરીથી કરાર અમલમાં મુકવામાં આવશે.

૯.૧૨ નવી આવૃત્તિઓને પેનલ પર મુકવા અંગેઃ-

૭૫,૦૦૦ નકલોથી વધુ ફેલાવો ધરાવતા દૈનિકની, તે જ ટાઇટલથી છેલ્લા ચાર માસથી અન્ય સ્થળેથી નિયમિત પ્રસિધ્ધ થતી નવી આવૃત્તિ ડીસ્પ્લે/વર્ગીકૃત જાહેરખબરની પેનલ માટે અરજીને પાત્ર બનશે. પરંતુ આવી નવી આવૃત્તિને સામેલ પરિશિષ્ટ-**૧** માં દર્શાવેલ જાહેર ખબરનો ન્યુનત્તમ દરનો સ્લેબ મળવાપાત્ર થશે.

## ૧૦. પેનલ પરથી સ્થગીત કરવા અને જાહેરખબરની વસુલાત અંગે :-

જો કોઇ અખબાર,

૧૦.૧ રાજય સરકારને ફેલાવા અંગે કે અન્ય બાબતમાં ઇરાદા પૂર્વક ખોટી માહિતી પૂરી પાડે, અથવા

૧૦.૨ તેનું પ્રકાશન બંધ કરે, યોગ્ય રીતે જાણ કર્યા સિવાય સામાયિકતા બદલે અથવા શિર્ષક બદલે અથવા અનિયમિત પ્રકાશન કરે અથવા પ્રેસ/મુદ્રણ સ્થળ બદલ્યુ હોય, અથવા

૧૦.૩ આર.એન.આઇ.ને તેનું વાર્ષિક રીર્ટન રજુ ન કર્યુ હોય અથવા નિયત એજન્સીઓનું વાષિક ફેલાવા અંગેનું પ્રમાણપત્ર રજુ ન કર્યુ હોય, અથવા

૧૦.૪ પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના મતે અનૈતિક કે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલ હોય અથવા પત્રકારત્વના આચરણ માટેના માન્ય ધોરણોનું ઉલ્લંઘન કર્યુ હોય, અથવા

૧૦.૫ આવા કૃત્ય માટે જે તે અખબારને કાયદાની અદાલતે ગુન્હેગાર ઠરાવેલ હોય, અથવા

૧૦.૬ રાજય સરકારના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, વૈધાનિક મંડળો, બોર્ડ/કોર્પોરેશનો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની કોઇપણ જાહેરખબર પ્રસિધ્ધ કરવાનો આગ્રહ પૂર્વક ઈન્કાર કરતું હોય,અથવા

૧૦.૭ રાજય સરકાર દ્વારા પ્રતિબંધિત પત્રોની યાદીમાં મુકવામાં આવેલ હોય,અથવા

૧૦.૮ રીલીઝ ઓર્ડર પ્રમાણેની જાહેરખબર પ્રસિધ્ધ કરી ન હોય અને પેમેન્ટ મેળવેલ હોય, નિયત ધોરણ કરતાં ઓછા પ્રીન્ટ એરીયામાં પ્રસિધ્ધ થતું હોય, જાહેરખબરો તમામ નકલોમાં પ્રસિધ્ધ કરી ન હોય, રીલીઝ ઓર્ડરની શરતોનો ભંગ કર્યો હોય,

તો તેવા અખબારને માહિતી નિયામકશ્રી બાર માસ માટે તાત્કાલિક અસરથી પેનલ પરથી સ્થગીત કરશે.

ઉપર્યુકત ક્રમાંક-૧૦.૧, ૧૦.૨ અને ૧૦.૩ ના કિસ્સામાં માહિતી નિયામકશ્રી ભૂતકાળમાં કરેલા કોઇ પણ ચુકવણાની વસુલાત કરશે. વસુલાતના કેસમાં માંગણાપત્ર મોકલ્યાની તારીખે સાઇઠ દિવસની અંદર સંબંધિત પ્રકાશકે રકમ જમા કરાવવાની રહેશે. આમ કરવામાં નિષ્ફળ જનાર અખબારની જાહેરખબર વધુ કોઇપણ નોટીસ આપ્યા વિના બંધ કરવામાં આવશે અને માહિતી નિયામકશ્રી ચુકવણાના પડતર બીલોની રકમમાંથી તે અંગેની વસુલાત કરશે. વસુલાત પૂરી ન થાય ત્યાં સુધી જાહેરખબર આપવામાં આવશે નહી.

ઉપર્યુકત ક્રમ-૧૦.૧, ૧૦.૨, ૧૦.૩, ૧૦.૬, ૧૦.૭ અને ૧૦.૮ આગળના કિસ્સામાં માહિતી નિયામકશ્રી સંબંધિત સમાચારપત્રને યોગ્ય તક આપીને તેને પેનલ પરથી સ્થગીત કરવાનો હુકમ કરશે.

## ૧૧. જાહેરખબર નિયંત્રણ એજન્સી

બધા વિભાગો, ખાતાના વડાની તમામ કચેરીઓ વૈધાનિક મંડળો, સ્થાનિક સ્વરાજયની તમામ સંસ્થાઓ (મ્યુ. કોર્પોરેશન, નગરપાલિકા, નગરપંચાયત, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત વગેરે) અને તમામ બોર્ડ /કોર્પોરેશનોએ માહિતી નિયામકશ્રીની કચેરી મારફત તમામ ડીસ્પ્લે અને વર્ગીકૃત જાહેરખબર આપવાની રહેશે.

પરંતુ રાજય સરકારની મંજુરીથી બોર્ડ/કોપોરેશન/ સંસ્થા રાજય સરકારે નિયત કરેલ દરથી અને નિયત શરતોને આધિન અખબારોમાં બારોબાર જાહેરખબર આપી શકશે.

## ૧૨. રાજય/રાષ્ટ્ર બહારના વર્તમાનપત્રોને જાહેરખબર આપવા અંગે :-

રાજય / રાષ્ટ્ર બહારના ગુજરાતી ભાષાના તેમજ અન્ય ભાષાના સાપ્તાહિકો / દૈનિકો/પાક્ષિકો વગેરે સામયિકોને ડિસ્પ્લે તેમજ એડવીટોરીયલ પ્રકારની જાહેરાત માટે સક્ષમ સત્તા માહિતી અને પ્રસારણ વિભાગ રહેશે.

## ૧૩. પ્રકીર્ણ

૧૩.૧ કોઇપણ અખબારને વિશેષ પ્રસંગે જેવા કે અખબારના જન્મદિન, ખાસ ઝુબેશ વગેરે તેમજ કોઇપણ સંસ્થાકીય પત્રિકાઓ, મુખપત્ર અને સ્મરણિકા (સોવેનિયર)ને જરૂર પડયે રાજય સરકાર જાહેરખબર મંજુર કરી શકશે.

૧૩.૨. પ્રસિધ્ધ કરાયેલ ડીસ્પ્લે/વર્ગીકૃત જાહેરખબર જે અખબારમાં પ્રસિધ્ધ થઇ હોય તે અખબારની એક નકલ રીલીઝ ઓર્ડરમાં દર્શાવેલ સંબંધિત કચેરીને જે તે અખબારે દિન પાંચમાં મોકલવાની રહેશે. આમ કરવામાં નિષ્ફળ જનાર અખબારને સંબંધિત જાહેરખબરનું ચૂકવણું નહી કરવાની વિચારણા કરવામાં આવશે.

૧૩.૩. પેનલ પરના અખબારો પૈકી કોઇપણ અખબારને ચોકકસ સમયગાળા માટે અખબારની નિયમિત પ્રસિધ્ધ થતી નમૂનાની નકલો પુરી પાડવા જણાવી શકશે.

૧૩.૪. રીલીઝ ઓર્ડરમાં દર્શાવેલ તારીખે અખબાર જાહેર ખબર પ્રસિધ્ધ કરી શકે તેમ ના હોય તો, ૪૮ કલાકમાં તે અંગેની જાણ સક્ષમ સત્તાધીકારીને કરવાની રહેશે.

૧૩.૫. જાહેરાત પ્રસિધ્ધિ બાદ ૩૦ દિવસમાં સંબંધિત દસ્તાવેજી પુરાવાઓ સાથે કોઈપણ ક્ષતિ વિનાનું જાહેરખબરનું બીલ સંબંધિત કચેરીને રજુ કરવાનું રહેશે.

૧૩.૬. પેનલ પરના કોઈપણ અખબાર રીલીઝ ઓર્ડર સિવાય જાહેર ખબર પ્રસિધ્ધ કરી શકશે નહી. રીલીઝ ઓર્ડરની ડુપ્લીકેટ નકલ માટેની વિનંતી પ્રત્યેક કેસના ગુણદોષના આધારે વિચારણામાં લેવામાં આવશે.

૧૩.૭. રીલીઝ ઓર્ડરમાં દર્શાવેલ તારીખે જ જાહેરખબર પ્રસિધ્ધ કરવાની રહેશે. દર્શાવેલ તારીખ સિવાયની તારીખે પ્રસિધ્ધ થયેલ જાહેરખબર અંગે કોઇ ચૂકવણી કરવામાં આવશે નહી.

૧૩.૮. રાજય સરકારના વિવિધ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, બોર્ડ/ કોર્પોરેશનો વૈધાનિક મંડળો, સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ પોતાની જાહેરખબર અંગે અખબારના નામ સુચવી શકશે. પરંતુ માહિતી નિયામક/ જિલ્લા માહિતી કચેરીઓ પેનલ પરના નાના, મધ્યમ અને મોટા અખબારો પૈકી પ્રવર્તમાન નીતિ અને સુચનાઓને લક્ષમાં લઇ અખબારની પસંદગી કરી જાહેરખબર રીલીઝ કરશે.

૧૩.૯. જાહેરખબર પ્રસિધ્ધ કરવામાં ભૂલ થયેલ હોય તો સુધારો સંબંધિત અખબારે વિનામૂલ્યે પ્રસિધ્ધ કરવાનો રહેશે.

૧૩.૧૦ જે દૈનિક તેના પ્રસિધ્ધિના જિલ્લા સિવાયના જિલ્લામાં ન્યુનત્તમ ૧૦,૦૦૦ નકલોનો ફેલાવો ધરાવતા હશે તો જ તેમને અન્ય જિલ્લાની વર્ગીકૃત જાહેરખબરને પાત્ર બનશે.

૧૩.૧૧ આ જાહેરખબરની નીતિમાં જણાવેલ કોઇ પણ બાબતો છતાં, સંજોગોને આધીન જાહેરખબરની કોઇ પણ બાબતમાં નિર્ણય લેવાનો રાજય સરકારને અબાધિત અધિકાર રહેશે.

૧૩.૧૨ જે બાબતોનો સમાવેશ જાહેરખબરની આ નીતિમાં થયેલ છે તે અંગેના આ પૂર્વેના તમામ હુકમો આથી રદ ગણવાના રહેશે.

૧૩.૧૩ આ નીતિ ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખથી તાત્કાલિક અમલમાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી.બી.પરમાર
નાયબ સચિવ,
માહિતી અને પ્રસારણ વિભાગ

પ્રતિ,

- માન.રાજય પાલશ્રીના અગ્ર સચિવશ્રી, માન.રાજય પાલશ્રીનું કાર્યાલય, રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર

- સચિવાલયના સર્વે વિભાગનોના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી (સર્વે વિભાગો,સચિવાલય,ગાંધીનગર)
- સચિવાલયના સર્વે વિભાગોના નાયબ સચિવશ્રી(સંકલન),સચિવાલય, ગાંધીનગર. (આ ઠરાવ તેમના વિભાગ હેઠળના ખાતાના વડાઓ / બોર્ડસ/ નિગમોની કચેરીઓના ધ્યાને લાવવાની વિનંતી સહ.)
- માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (જિલ્લા માહિતી કચેરીઓને ઠરાવની નકલ પરિપત્રિત કરવા તથા જરૂરી કાર્યવાહી સારૂ)
- એકાઉન્ટન્ટ જનરલ (એ.જી.કચેરી, ઓડિટ) અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીની કચેરી,ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ (જિલ્લા મથકો) જાણ સારૂ.
- નાણાં સલાહકારશ્રી (મા.પ્ર.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા પસંદગી ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી (બજેટ)

**પરિશિષ્ટ-૧**

**દૈનિકો/સાપ્તાહિકો/પાક્ષિકો/માસિકો  માટેના જાહેરખબરના દરનું માળખું.**

| ક્રમ | ફેલાવો | જાહેરખબરનો દર રૂપિયા પ્રતિ.કો.સે.મી. | રૂપિયા પ્રતિ ચો.સે.મી. |
|---|---|---|---|
| ૧. | ૫૦૦૦ નકલો સુધી | ૧૮.૨૮ | ૪.૩૦ |
| ૨. | ૫૦૦૧   થી૧૫૦૦૦ | ૨૬.૨૯ | ૬.૧૯ |
| ૩. | ૧૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૩૪.૩૯ | ૮.૦૯ |
| ૪. | ૨૫૦૦૧ થી ૩૫૦૦૦ | ૪૨.૮૦ | ૧૦.૦૭ |
| ૫. | ૩૫૦૦૧ થી ૪૫૦૦૦ | ૫૧.૩૪ | ૧૨.૦૮ |
| ૬. | ૪૫૦૦૧ થી ૫૫૦૦૦ | ૬૦.૫૫ | ૧૪.૨૫ |
| ૭. | ૫૫૦૦૧ થી ૬૫૦૦૦ | ૬૪.૮૬ | ૧૫.૨૬ |
| ૮. | ૬૫૦૦૧ થી ૭૫૦૦૦ | ૭૨.૮૭ | ૧૭.૧૫ |
| ૯. | ૭૫૦૦૧ થી ૮૫૦૦૦ | ૮૨.૫૯ | ૧૯.૪૩ |
| ૧૦. | ૮૫૦૦૧ થી ૧૦૦૦૦૦ | ૯૭.૧૬ | ૨૨.૮૬ |

**નોંધઃ-**

**એક લાખથી વધુ નકલોનો ફેલાવો ધરાવતા અખબારોને ઉપર્યુકત એક લાખના ફેલાવા સામે દર્શાવેલ દર વત્તા પ્રતિ એક હજાર નકલે ઉકત દરના પ્રમાણમાં ભાવ મળવાપાત્ર થશે.**